સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૫–૮–૧૦ ના
રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :– :–:–:–:

::::::::::

મ્યુ.કમિશ્નરશ્રીના તા.૨–૮–૧૦ ના પત્ર નં. સી.પી.સ./૮/૧૫ થી વિદિત થઈ તેમજ સમિતિની સભામાં હાજર રહેલા ડે.કમિશ્નરશ્રી (ડેવલપમેન્ટ એન્ડ પ્લાનીંગ) સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ, સરકારશ્રીના તા.૭–૫–૧૦ ના હુકમ ક્રમાંક : ટપ/૧૪૧૦/૨૨૪૧/લ થી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૭૬ (ડુમસ–વાંટા– ગવિયર)ને પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી માટેની સમયમર્યાદામાં તા.૭–૫–૧૦ થી વધુ ત્રણ માસ એટલે કે તા.૭–૮–૧૦ સુધી વધારો કરી આપવામાં આવેલ હોય જે ધ્યાને લેવાનું તેમજ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૭૬ (ડુમસ –વાંટા–ગવિયર)માં નીચે જણાવ્યા મુજબના સુધારા કરવાનું અને તેને આનુસાંગિક ફેરફારો કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ–૪૨(૧) મુજબ પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી કરવાનું તેમજ તેને આનુસાંગિક જરૂરી કાર્યવાહી કરવા મ્યુ.કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) ફેબ્રુઆરી–૨૦૦૬ અને જુલાઈ–૨૦૦૬ માં સુરતમાં થયેલા હદ વિસ્તરણ પહેલાના 'સુડા' ના સમયમાં થયેલ બાંધકામો કે જેમાં જે તે હેતુ માટે હિત સંબંધ ધરાવનાર દ્વારા વપરાશ / ઉપયોગ ચાલુ હોય, હયાત પરિસ્થિતિ અને માનવતાને ધ્યાને લઈ વપરાશ હેઠળના બાંધકામો ઉપર મુકવામાં આવેલ રીઝર્વેશન / રસ્તા (સુડાના મંજુર રીવાઈઝડ ડેવલપમેન્ટ પ્લાન તા.૦૨–૦૯–૨૦૦૪ના ડી.પી.ના રીઝર્વેશન પ્લોટ અને ડી.પી.ના રોડ પરના બાંધકામો સિવાય) દુર કરવા જરૂરી સુધારા કરવા.

(૨) આ સ્કીમ વિસ્તારમાં ૧૦૦૦ ચો.વાર (૮૩૬ ચો.મી.) થી નાના પ્લોટો જે રેકર્ડ પર નોંધાયા હોય તથા નિયમ અનુસાર સક્ષમ સત્તા ધ્વારા બિનખેતી થયેલ હોય તેવા કેસોમાં કપાત કરવી નહી.

(૩) આ સ્કીમ વિસ્તારમાં જે કેસોમાં સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ હોય, તેવા કેસોમાં રજુ થયેલ પ્લાનને તેમજ જે કેસોમાં પ્લાન મંજુર થયેલા હોય તેવા કેસોમાં મંજુર થયેલ પ્લાનને અસર ન થાય તે રીતે કપાત કરવા તેમજ તેને આનુસાંગિક જરૂરી સુધારા કરવા.

(૪) ઉપર મુજબ સૂચવેલ સુધારાઓ આમેજ કરીને જ મુસદ્દારૂપ યોજના પ્રસિધ્ધ કરવી અને તેની જાણ આ સમિતિને અચુક કરવી.

વધુમાં કોઈપણ ટી.પી. સ્કીમ ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ, —– ૧૯૭૬ની કલમ–૪૨ (૧) મુજબ પ્રસિધ્ધ કરતા પહેલા તેમજ સદર એક્ટની કલમ–૪૮ (૧) મુજબ સરકારશ્રીમાં સાદર કરતા પહેલા આ સમિતિને અભ્યાસ કરવા માટે

ઓછામાં ઓછો ૧૫ દિવસનો સમય મળે તે મુજબ સમિતિ સમક્ષ દરખાસ્ત રજુ કરવા આથી ભારપૂર્વક જણાવવામાં આવે છે.

<u>ઠરાવ નં.૩૧/૨૦૧૦ સર્વાનુમતે મંજુર</u>

સ.ર. મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા,
તા.૭ -૮-૧૦.